# H3N2ને પગલે રાજ્ય સરકાર એક્શનમાં

ગાંધીનગર, તા.૧૧

કોરોના બાદ ગુજરાત સહિત સમગ્ર દેશમાં નવા વાયરસ H3N2 અંગે સરકારો જાગૃત બની ગઈ છે. ત્યારે ગુજરાત સરકારનું આરોગ્ય વિભાગ પણ એક્શનમાં આવી ગયું છે. આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે અધિકારીઓ સાથે એક બેઠક યોજી હતી. જેમાં જરૂરી દવાઓ, ટેસ્ટિંગ લેબ, ડોક્ટર્સ અંગે સમીક્ષા કરાઈ હતી. જેમાં ICMRની ગાઈડ લાઈન પ્રમાણે પગલા લેવા સૂચના અપાઈ હતી. H3N2 વાઈરસથી ગ્રસ્ત દર્દીઓમાં તાવ, શરદી, ખાંસી, ગળાની તકલીફો, કળતર, ઊલટી અને ડાયરિયા જેવાં લક્ષણો જોવા મળે છે.


રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે નવા વાયરસ H3N2 અંગે વિગતવાર માહિતી આપી છે. તેમણે જણાવ્યું હતું કે, ગુજરાતમાં વાયરલના કેસો જોવા મળ્યા છે. જે છેલ્લા બે વર્ષમાં વધારો થયો છે. રાજ્યમાં હાલ વાયરલ ફીવરના કેસો સામે આવી રહ્યા છે. રાજ્યમાં ફલૂના કેસોમાં વધારો થયો છે. સામાન્ય ફલૂ સામાન્ય દવાઓના આધારે રિકવરી આવી જતી હોય છે. પણ થર્ડ સ્ટેજના ફલુમાં વાયરસ ફેંફસાઓ સુધી પહોંચી જતો હોય છે. ત્રીજા સ્ટેજના ફલૂ માટેની જરૂરી દવાઓની ઉપલબ્ધી અંગે સમીક્ષા કરાય છે.

# અંબાજીમાં હાલ ચીકીનો જ પ્રસાદ રહેશે : ઋષિકેશ પટેલ

ગાંધીનગર, તા.૧૧

અનેક આંદોલનો છતાં શકિતપીઠ અંબાજીના માઈભક્તો માટે એક માઠા સમાચાર સામે આવી રહ્યા છે. ભક્તોને હવે કદાચ ક્યારેય મોહનથાળનો પ્રસાગ નહી મળે. રાજ્ય સરકારના પ્રવક્તા ઋષિકેશ પટેલે આજે એક નિવેદન આપીને ગરમાવો લાવી લીધો છે. તેમણે જણાવ્યું કે અંબાજીમાં હાલ ચીકીનો જ પ્રસાદ વેચાશે.

અંબાજી પ્રસાદ વિવાદ મામલે રાજ્ય સરકારના પ્રવક્તા મંત્રી ઋષિકેશ પટેલે પોતાની પ્રતિક્રિયા આપી દીધી છે. તેમણે જણાવ્યું હતું કે, મોહનથાળ ઉપવાસમા લઈ શકાતો નથી. એટલું જ નહીં, મોહનથાળ પ્રસાદ લાંબો સમય સાચવી પણ રાખી શકાતો નથી. પ્રસાદ એ સ્વાદ માટે નહીં પણ પ્રસાદ માટે છે. મંદિરે નક્કી કર્યું છે કે હાલ ચીકીનો જ પ્રસાદ વેચાશે.




# ભૂસ્તર વિજ્ઞાન- ખનીજ કમિશનરની કચેરીમાં વર્ગ-૩ની ૧૫૨ નવી જગ્યાઓ મંજૂર

ભૂસ્તર વિજ્ઞાન અને ખનીજ કમિશનરશ્રીની કચેરીમાં વિવિધ કેડરની વર્ગ-૩ની ૧૫૨ નવી જગ્યાઓ મંજૂર કરવામાં આવી છે. છેલ્લા બે વર્ષમાં વર્ગ-૩ની ૫૦૦ જગ્યાઓ ખાલી છે તેમાં ૩૩૦ જગ્યાઓ તાત્કાલિક ભરવામાં આવશે જ્યારે બાકી જગ્યાઓ પણ સત્વરે ભરવામાં આવશે. તેમ ઠક્કરબાપાનગરના ધારાસભ્ય શ્રીમતી કંચનબેન રાદડિયા દ્વારા વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નનો મુખ્યમંત્રીશ્રી વતી ખાણ અને ખનીજ વિભાગનો જવાબ આપતા મંત્રીશ્રી બળવંતસિંહ રાજપૂતે કહ્યું હતું.

મંત્રી શ્રીએ વધુ વિગતો આપતા જણાવ્યું હતું કે, ખાલી જગ્યાઓ સીધી ભરતી, બઢતી અને પ્રતિનિયુક્તિ એમ કુલ ત્રણ રીતે ભરવામાં આવે છે.

મુખ્યમંત્રીશ્રી ભુપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકાર ભૂમાફિયાઓ સામે કડક હાથે કામ લેવા કટિબદ્ધ છે. જેના ભાગરૂપે ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષમાં બિનઅધિકૃત ખનન, વહન અને સંગ્રહના ગુનાઓમાં ભૂમાફિયા સામે કરેલા કુલ ૪૦,૪૩૮ કેસો દ્વારા કુલ રૂ. ૬૫,૯૧૫ લાખની વસુલાત કરાઈ છે. જેમાં વર્ષ ૨૦૧૮-૧૯માં ભૂમાફિયા પર ૭,૭૩૪ કેસો દ્વારા રૂ. ૧૦,૯૮૮ લાખ, વર્ષ ૨૦૧૯-૨૦માં ૭,૪૪૬ કેસો દ્વારા રૂ. ૧૦,૬૩૪ લાખ, વર્ષ ૨૦૨૦-૨૧માં માં ૭,૧૫૫ કેસો દ્વારા રૂ. ૧૦,૩૨૨ લાખ, વર્ષ ૨૦૨૧-૨૨માં ૮,૬૭૨ કેસો કરીને રૂ. ૧૪,૦૬૪ લાખ તેમજ વર્ષ ૨૦૨૨-૨૩માં ફેબ્રુઆરી સુધીમાં ૯,૪૭૬ કેસો કરીને રૂ. ૧૯,૯૦૭ લાખની વસુલાત કરવામાં આવી છે તેમ મંત્રીશ્રીએ ગૃહમાં પેટા પ્રશ્નના જવાબમાં ઉમેર્યુ હતું.

# બોરીજ ખાતે ધુળેટીએ નાટક "જેવુ કરશો તેવુ ભોગવશો" ભજવાયું

ગાંધીનગર, તા.૧૧

સમાજમાં વ્યસન મુક્તિ માટે કાર્યરત રહીને રાજ્યના છેવાડાંના ગામો સુધી વ્યસનમુક્તિનો સંદેશ આપતા નાટકો કરતા ગાંધીનગરના કલાકાર એન.સી.ચૌહાણ દર વર્ષે તેઓ ધુળેટીના પર્વે બોરીજના ખાંટ વાસ ખાતે ત્યાંના સ્થાનિક કલાકારોને લઈને પોતાના દિગ્દર્શનમાં વ્યસનમુક્તિનો સંદેશ આપતું નાટક અચૂક કરે છે. આ વર્ષે પણ તેમણે ધુળેટીના દિવસે બોરીજમાં નાટક "જેવુ કરશો તેવુ ભોગવશો" ભજવવામાં આવ્યું હતુ. બોરીજ ખાતે ધુળેટી પર્વની ઉજવણી નિમિત્તે દર વર્ષની જેમ આ વર્ષે ગામની બાળાઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ પ્રસ્તુત કર્યો હતો તથા ચામુંડા યુવક મંડળ દ્વારા એન. સી. ચૌહાણ દિગ્દર્શિત નાટક જેવુ કરશો તેવુ ભોગવશો રજૂ કરવામાં આવ્યુ હતું. કાર્યક્રમના સમાપને ઉપસ્થિત મહાનુભાવોએના હસ્તે કલાકારોને પ્રોત્સાહિત ઈનામો આપવામાં આવ્યા હતા. આ પ્રસંગે તેમના ગુરૂજી સહિત ગ્રામમજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યાં હતા.

